ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર માસિક

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિ

અંક -૩ | ૧ એપ્રિલ-૨૦૧૫ | પાના-૮ | લવાજમ વાર્ષિક - રૂ.૧૦૦/-

## રાજવાણી - પરિભ્રમણ

- મોહથી સારી રીતે આચ્છાદિત એવો તે જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.
- ચૌદ રાજલોક જાણ્યો પણ દેહમાં રહેલો આત્મા ન ઓળખ્યો; માટે રખડયો!
- સંસારમાં પરિભ્રમણ કરાવનાર ક્રોધ, માન, માયા, લોભની ચોકડીરૂપ કષાય છે, તેનું સ્વરૂપ પણ સમજવા યોગ્ય છે. તેમાં પણ અનંતાનુંબંધી જે કષાય છે તે અનંત સંસાર રખડાવનાર છે.
- જગતની ભાંજગડ કરતાં કરતાં જીવ અનાદિકાળથી રખડયો છે.
- સર્વ કર્મનું મૂળ એવું જે અજ્ઞાન, મોહ પરિણામ તે હજુ જીવમાં એવું ને એવું ચાલ્યું આવે છે, કે જે પરિણામથી અનંતકાળ તેને ભ્રમણ થયું છે; અને જે પરિણામ વર્ત્યા કરે તો હજુ પણ એમ ને એમ અનંતકાળ પરિભ્રમણ થાય.
- તેની (મોહનીયની) સ્થિતિ બીજાં બધાં કર્મથી વધારે એટલે સિત્તેર કોડાકોડી સાગરોપમની છે. સંસારના મૂળભૂત રાગદ્વેષનું આ મૂળસ્થાન હોવાથી ભવભ્રમણ કરવામાં આ કર્મની મુખ્યતા છે.
- જ્ઞાનીપુરુષની અવજ્ઞા બોલવી તથા તેવા પ્રકારના પ્રસંગમાં ઉજમાળ થવું, એ જીવનું અનંત સંસાર વધવાનું કારણ છે, એમ તીર્થંકર કહે છે. તે પુરુષના ગુણગ્રામ કરવા, તે પ્રસંગમાં ઉજમાળ થવું, અને તેની આજ્ઞામાં સરળ પરિણામે પરમ ઉપયોગદષ્ટિએ વર્તવું, એ અનંત સંસારને નાશ કરનારું તીર્થંકર કહે છે; અને તે વાક્યો જિનાગમને વિષે છે.
- બીજા પદાર્થમાં જીવ જો નિજબુદ્ધિ કરે તો પરિભ્રમણદશા પામે છે; અને નિજને વિષે નિજબુદ્ધિ થાય તો પરિભ્રમણદશા ટળે છે.
- જેમ છે તેમ આત્મસ્વરૂપ જાણ્યું તેનું નામ સમજવું છે. તેથી ઉપયોગ અન્ય વિકલ્પરહિત થયો તેનું નામ શમાવું છે. વસ્તુતાએ બન્ને એક જ છે.

અનંતકાળથી યમ, નિયમ, શાસ્ત્રાવલોકનાદિ કાર્ય કર્યા છતાં સમજાવું અને શમાવું એ પ્રકાર આત્મામાં આવ્યો નહીં, અને તેથી પરિભ્રમણનિવૃત્તિ ન થઈ. સમજાવા અને શમાવાનું જે કોઈ ઐક્ય કરે, તે સ્વાનુભવપદમાં વર્તે; તેનું પરિભ્રમણ નિવૃત્ત થાય.

- અનાદિકાળનું પરિભ્રમણ હવે સમાપ્તતાને પામે એવી જિજ્ઞાસા, એ પણ એક કલ્યાણ જ છે. કોઈ એવો યથાયોગ્ય સમય આવી રહેશે કે જ્યારે ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ થઈ રહેશે..... **શ્રીમદ્ રાજચંદ્ર**

## સંતબાલજી સ્ફુરણાવલી

આપણું સૌનું અંતિમ ધ્યેય એક જ છે, મૂળ પણ એક જ છે. માત્ર પ્રણાલિકાઓમાં ફેર છે અને તે હોવો ઘટે છે, તો સમતાને કોઈએ શા સારુ ગુમાવવી જોઈએ?

આર્ય સંસ્કૃતિની ઉચ્ચતા સાબિત કરવા માટે શાસ્રશ્રદ્ધા કે દલીલો જ પૂરતાં નહિ થાય. હવે તો આર્ય પ્રજા માટે પોતાનાં સર્વે વર્તનો અને સર્વ વ્યવહારો દ્વારા સાબિતી આપવાનો નવયુગ આવી લાગ્યો છે. જ્ઞાન મેળવવા ઈચ્છનાર એને ચર્ચાથી ન મેળવી શકે, માત્ર દલીલથી ન મેળવી શકે. એ દ્વાર ઉઘાડવા માટે ગદ્ગદિત દિલની પ્રાર્થના અને પ્રભુનું નામસ્મરણ રામબાણ ઉપાય છે; પણ સાથે સાથે પ્રત્યેક ક્રિયા કે પ્રસંગોમાં વિચાર, ઊંડું અવલોકન અને ઉપયોગ પણ એટલાં જ જરૂરી છે.

સાચો ભક્ત, માત્ર પ્રાર્થના કરીને જ સંતોષ નથી માની લેતો, પણ એના હૃદયને એટલું તો વિશાળ બનાવે છે કે ત્રણે જગત જેના મુખના કાતરિયામાં શમાઈ જાય એવા વિશાળ પ્રભુ સુખથી ત્યાં રમી શકે! વળી એ પોતાની દ્રષ્ટિને એટલી તો સમ અને સર્વવ્યાપી બનાવે છે કે એક પણ દેહધારીનું એવું આંસુ ખરતું નથી કે જેમાં એની પરમદયાળુ સહાનુભૂતિ ન હોય અને બુદ્ધિને તો એ એવી નિખાલસ, નિર્મળ તથા પારદર્શક બનાવે છે કે જેમાં એક પણ દુષ્ટ અધ્યવસાય પેસી શકતો નથી ને પેસે તો પવિત્ર થયા સિવાય ટકી શકતો નથી.

જૈનદર્શનમાં એક ભવ્ય સત્ય રજુ કરવામાં આવ્યું છે કે, 'દર્શન વિનાનું' જ્ઞાન અને અજ્ઞાનએ બે માસીયાઈ ભાઈ છે; કેટલીકવાર તો દર્શન વિનાનું જ્ઞાન અજ્ઞાનથી પણ ભયંકર નીવડે છે. દર્શન એટલે 'સ્વાનુભવ.' સ્વાનુભવ વિના દ્રઢતા સંભવે જ નહિ; એટલે દરેક સત્યને સક્રિય સ્વાનુભવથી કસીને ઉપયોગપૂર્વક દ્રઢ કરવું એનું નામ જ્ઞાન. દાખલા તરીકે કોઈ મહાત્મા પુરુષે સ્વાનુભવથી એક સત્ય જાહેર કર્યું કે, 'અસહાયની નિ:સ્વાર્થ સેવાથી પ્રભુતા પાંગરે છે.' આ સત્યને જિજ્ઞાસુ એવી ક્રિયા દ્વારા પોતાના અનુભવથી એ જ દ્રષ્ટિએ કસે. જો એ કયાસમાં ફેર જણાય તો એ ફેર પડવાનું કારણ શોધે અને ફરી એ જ જાતનો અનુભવ કરે. એમ કરતાં કરતાં છેવટે જ્યારે એને પોતાને પ્રભુતાના સ્પર્શનો જાત અનુભવ થાય, ત્યારે જ તે સત્ય પોતા તરફથી રજૂ કરે; ત્યાં લગી પ્રાય: મૌન સેવે અથવા ખાસ જરૂર પડે તો કહે ત્યારે 'ફલાણા જ્ઞાની પુરુષે એમ કહ્યું છે, પણ હજુ મેં એને પૂરેપુરું અનુભવ્યું નથી.' એવું સ્પષ્ટ અને સરળ ભાવે કહે...- **મુનિશ્રી સંતબાલજી - સ્ફુરણાવલી પુસ્તકમાંથી સાભાર.**

# જરૂર માત્ર ધર્મવૃત્તિની છે

''**યુગે યુગે મોક્ષમાર્ગે**'' લઈ જનારી પ્રધાન પ્રવૃત્તિઓ જોવામાં આવી છે. જ્યારે જ્યારે ધર્મની શિથિલતા જોવામાં આવે છે ત્યારે ત્યારે ધર્મજાગૃતિ કોઈ પ્રધાન પ્રવૃત્તિથી થયેલી હોય છે. આવી પ્રવૃત્તિ હંમેશાં તે તે સમયના વાતાવરણની સાથે સંબંધ રાખતી હોય છે.

સ્વચ્છ સાધનથી જ રાજદ્વારી સ્થિતિમાં થયેલું પરિવર્તન આપણને ઉચ્ચ માર્ગે લઈ જાય. ગતિ એ જ પ્રગતિ છે અને તેમાં જ ઉન્નતિ છે. તમે પોતાની સંસ્કૃતિ પર શ્રદ્ધા રાખો અને દ્રઢતાથી વળગી રહો એમ કરવાથી હિન્દુસ્તાન સારી દુનિયા પર વિજય મેળવશે.

ગંદકીનો મારો અણગમો વધતો જાય છે, ઘટતો નથી. પાયખાનું જરાપણ ખરાબ હોય તો મુંઝાઉ અહીં જંગલમાં જાઉ છું ત્યાં સાથે પાવડો લઈ જાઉ છું. ખોદીને પછી બેસું છું ને ક્રિયા પુરી થયા પછી ખૂબ માટી નાખી જગ્યા છોડું છું. જોઉ છું કે, આટલો નિયમ નહીં પાળવાથી અસંખ્ય રોગો ને કરોડો માખી થાય છે.

આપણો ન્યાય આપણી શેરીઓથી થવો જોઈએ, પુરાતન કાળથી જ હિન્દુસ્તાન એક દેશ હતો. ગ્રામ વ્યવસ્થા સારી હતી તે વખતની શેરીઓની સ્વચ્છતાનો વારસો લીધો છે, તેને આપણે ફેંકી દઈએ છીએ બીજા મારું ગામ સાફ કરી સ્વચ્છ બનાવે એમ માનવું નહીં. નીતિમય જીવન ગાળો એટલું કરી ઘર, રસ્તા, પાણી વગેરે સ્વચ્છ રાખો. કુવામાં પાંદડા ન પડે તેમ કરવું, જરૂર જણાય ત્યારે ગાળવો, પાણી મોતીના દાણા જેવું હોવું જોઈએ. ધર્મનું દેવળ સ્વચ્છ રાખો, પૂજારી જડ નહીં, પણ જ્ઞાની હોવો જોઈએ.

હિન્દુસ્તાનમાં સાડાસાત લાખ ગામડા છે. સરેરાશ વસ્તી ૪૦૦ થવા જાય છે. આવી નાનકડી વસ્તી વાળા ગામડામાં સારી વ્યવસ્થા કરવી એ ઘણું સહેલું છે. તેને માટે મોટા ભાષણોની કે ધારાસભાની કે કાયદાઓની જરૂર પડતી નથી. માત્ર એક જ આવશ્યકતા રહે છે, અને તે એક હાથના વેઢા ઉપર ગણી શકાય તેટલા શુદ્ધ ભાવે કાર્ય કરનારા સ્ત્રી-પુરૂષોની તેઓ પોતાના આચરણથી અને સેવા ભાવથી પ્રત્યેક ગામડામાં જોઈતા ફેરફારો કરાવી શકે છે. તેઓને રાત-દહાડો એજ કામમાં રોકાવું પડે એવું પણ કંઈ નથી. તેઓ પોતાની આજીવિકાનું કામ કરતાં છતાં સેવાવૃત્તિ ધરાવવાથી પોતાના ગામડામાં મહત્વના ફેરફારો કરાવી શકે છે. આવા સેવકોને ભારે કેળવણીની જરાયે આવશ્યકતા નથી. બિલકુલ અક્ષર જ્ઞાન ન હોય તો પણ ગ્રામ્ય સુધારાનું કામ થઈ શકે છે. પ્રત્યેક ગામમાં આ રીતે સ્વયંસેવકો નીકળી પડે તો જરાયે આડંબર વિના, મોટી ચળવળ વિના સમસ્ત હિન્દુસ્તાનનું કામ થઈ શકે અને ઘણા થોડા પ્રયત્નથી અણધાર્યુ પરિણામ લાવી શકાય. આમાં દ્રવ્યની પણ જરૂર ન હોય એમ તો વાંચનાર સહેજે સમજી શકશે. જરૂર માત્ર સદાચારની એટલે ધર્મવૃત્તિની રહેલી છે. **ગાંધીજી. ''ગાંધીજીનો અક્ષર દેહ''માંથી સાભાર.**

''ઈચ્છાઓને તું પાળે,
તૃષ્ણાને પંપાળે,
ખોટા ફાંફા મારે,
તો ઈશ્વર ક્યાંથી ભાળે?''

**પ્રજ્ઞાચક્ષુ મનુભાઈ દોશી, અમદાવાદ**

# લક્ષ્યની સ્પષ્ટતા હોય સાચી તો જ લક્ષ્યને સિદ્ધ કરી શકાય

**જરા વિચારો તો ખરા કે આમ કેટલું ચાલ્યા કરશો અને ક્યાં પહોંચશો? કે પછી જિંદગી આમ ચાલવામાં પૂરી થઈ જશે અને તમે ક્યાંય પહોંચ્યા નહીં હોવ.**

તમે તમારી જિંદગીને જરા ધ્યાનથી જોશો તો લાગશે કે કોઈ તમને હાંકી રહ્યું નથી પણ તમે ચાલ્યા જ કરો છો. જાણે આંખો બંધ છે. દિશાની તમને ખબર નથી બસ ચાલ્યા કરવાનું ક્યાં પહોંચશો તે પણ તમે જાણતા નથી. ગળામાં તમે જાતે જ જાણે ઘંટડી બાંધી છે. વાસ્તવિકતામાં તમે જાતે જ સંસારના કોલ્હૂ સાથે જોડાઈ ગયા છો અને બસ ચાલ્યા જ કરો છો. જરા વિચારો તો ખરા કે આમ કેટલું ચાલ્યા કરશો અને ક્યાં પહોંચશો? કે પછી જિંદગી આમ ચાલવામાં પૂરી થઈ જશે અને તમે ક્યાંય પહોંચ્યા નહીં હોવ.

જીવનમાં જે જરૂર છે તે ચાલતા પહેલા દિશા નક્કી કરી લેવાની અને ખાતરી કરી લેવાની કે આપણે ગોળ ગોળ તો નથી ફરી રહ્યા? વળી આપણે એ પણ ચકાસી લેવું જોઈએ કે જે લક્ષ્ય તરફ આપણે જઈ રહ્યા છીએ ત્યાંથી આપણને સુખ-સમૃદ્ધિ અને શાન્તિ મળશે કે પછી બધી મહેનત ફોગટ જશે. આ જાણવા માટે આપણે દૃષ્ટિને સમ્યક કરવી પડશે. જો દૃષ્ટિ સમ્યક નહિ હોય તો આખી જીવનયાત્રા વિફલ થઈ જશે. દૃષ્ટિ એકલી સમ્યક હશે તો પણ લક્ષ્ય સુધી નહીં પહોંચાય. આપણે ચાલવું પડશે-યાત્રા કરવી પડશે જે ચાલે છે તે જ પહોંચે છે. લક્ષ્ય જાણવા છતાં ય જે ચાલતો નથી તે ક્યારેય લક્ષ્યને સિદ્ધ કરી શકતો નથી. લક્ષ્યના જ્ઞાન વિના યાત્રા કરનાર જીવનમાં ભટકી જાય છે. તે ચાલે છે ઘણું પણ પહોંચતા ક્યાંય નથી. દૃષ્ટિ સમ્યક હોય તો સાચી દિશા મળે છે લક્ષ્યની સ્પષ્ટતા વિના યાત્રા કરનાર જિંદગીમાં ભટકી જાય છે અને જે યાત્રા કરતો જ નથી તે તો બધું જાણવા છતાં ય હતો ત્યાંને ત્યાં જ ઉભો રહીને જીવન ગુમાવી દે છે.

જ્ઞાનીઓએ આ વાત એક નાનકડા સૂત્રમાં સમજાવીને મૂકી છે : સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રાણી મોક્ષમાર્ગ, જીવનને સફળ કરવા માટે કેવળ દર્શન કે જ્ઞાન કે ચરિત્ર પર્યાપ્ત નથી. આ ત્રણેય સમ્યક્ હોવા જોઈએ અને ત્રણેયને સાથે રાખીને સાધના કરતા રહેવી જોઈએ. જે આ ત્રણેયનો સમન્વય કરી જાણે છે તેનો આ લોક અને પરલોક સુધરી જાય છે. - **ચંદ્રહાસ ત્રિવેદી.**

# પ્રાર્થના

મારા પ્રભુ, તારી પાસે મારી આ પ્રાર્થના છે :
મારા હૃદયના દૈન્યને જડમૂળથી ઉખેડી નાંખજે. મારા આનંદો સહજતાથી જીરવી શકું અને સંતાપ સહેલાઈથી સહી શકું એટલું સામર્થ્ય મને બક્ષજે. મારો પ્રેમ સેવારૂપે ફળે એટલું સામર્થ્ય મને બક્ષજે. રાંકને કદી તજી ન દઉં અને મદોન્મત્ત બળિયાઓ પાસે કદી ઝૂકી ન પડું એટલું સામર્થ્ય મને બક્ષજે. નિત્ય જીવનની તુચ્છ બાબતોથી મારું મન અધ્ધર ને અસ્પર્શ્ય રહે એટલું સામર્થ્ય મને બક્ષજે. અને પ્રેમ સાથે મારો પ્રાણ તારી ઈચ્છાને આધીન કરી શકું એટલું સામર્થ્ય મને બક્ષજે, મારા પ્રભુ! - **રવીન્દ્રનાથ ટાગોર - સૌ. જનકલ્યાણ-કાન્તિલાલ પરીખ.**

# તંત્રી સ્થાનેથી
## ગોરક્ષા એ વિકાસની સાચી દિશા છે.

મહારાષ્ટ્રમાં ૧૯ વરસથી અટકી પડેલો સંપૂર્ણ ગોવંશ વધ પ્રતિબંનો ખરડો પસાર થતાં હવે સંપૂર્ણ મહારાષ્ટ્રમાં ગોવંશની કતલ નહીં થઈ શકે એટલું જ નહીં એનું માંસ (બીફ) પણ પીરસી નહીં શકાય અને આવા પશુઓનું ટ્રાન્સપોર્ટેશન પણ પરવાનગી વગર નહી થઈ શકે. જો કોઈ વ્યક્તિ આ કાયદાઓનો ભંગ કરશે તો તેને પાંચ વરસની સજા અને/ અથવા દસ હજાર રૂપિયાનો દંડ થઈ શકે છે. કાયદામાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે ગુનો નોંધાયો તો ગુનેગારે પોતે નિર્દોષ છે તે માટેના પુરાવા રજુ કરવા પડશે તેમજ ગાય બળદ કે સાંઢને લઇ જતાં હોય એવી શંકાવાળા કોઈપણ વાહનની તપાસ થઈ શકે છે.

પૂજ્ય વિનોબાજીના આદેશથી ૧૧ જાન્યુઆરી ૧૯૮૨ થી દેવનાર કતલખાના સામે અહિંસક, અરાજકીય, અસંપ્રદાયિક ગોરક્ષા સત્યાગ્રહ શરૂ કરવામાં આવેલ. ૧૮ સત્યાગ્રહીથી શરૂ થયેલ આ સત્યાગ્રહીઓમાંના કેટલાક સત્યાગ્રહ દરમ્યાન જ અવસાન પામેલ છે. સત્યાગ્રહ શરૂ થયા પછી હજારો ગોસેવકોએ સત્યાગ્રહમાં ભાગ લીધો છે. દરેક સંપ્રદાયના સાધુ સંતોએ જાતે ભાગ લઈને તન મન ધનથી સહાય પણ કરેલ છે. અનેક દાતાઓનો-સેવકોનો તન મન ધનથી સહકાર મળતો રહ્યો છે.

ખાસ તો સર્વોદય તીર્થ (હોસ્પિટલ)ના સ્થાપક પૂજ્ય કાંતીભાઈનો તથા તેમના નિધન પછી આજના મુખ્ય ટ્રસ્ટી શ્રી હરીશભાઈ મહેતાનો હૃદયપૂર્વકનો હંમેશા સહયોગ મળતો રહયો છે. ગોરક્ષા સત્યાગ્રહ છાવણીનું મુખ્ય સ્થળ સર્વોદય તીર્થ રહ્યું અને આજે પણ છે. દેવનારથી નજીક અને ઘાટકોપરની મધ્યમાં દસ હજાર ફુટથી વધારે જગ્યા આ છાવણી માટે વગર ભાડે વાપરવા આપેલ છે. આ બહુમૂલ્ય સહકારથી ઘણી ગોરક્ષાની શિબિરો, સંમેલનો થતા રહ્યા અને પ્રચાર પ્રસારનું કામ થતું રહ્યું. આ બહુમૂલ્ય સહકારનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આ સત્યાગ્રહ દરમ્યાન ક્યારેક સત્યાગ્રહીઓને મરણતોલ માર પડેલ, સત્યાગ્રહની દેવનાર છાવણી જલાવી દેવામાં આવેલ એમ અનેક પરિષહો ગોસેવકોએ સહન કર્યા છે. પોલીસ કમીશનર શ્રી રોબેલોની સૂચના છતાં ક્યારેય પોલીસ ફરિયાદ FIR લખાવેલ નથી. અને જાતે સહન જ કરતા રહ્યા. એના પરિણામે કસાઈઓ અને પોલીસ ડિપાર્ટમેન્ટ આપણા આશયને સાચી રીતે સમજી શક્યા અને છેવટે તેમની સહાનુભૂતિ અને સહકાર પણ મળતો રહેલો.

૩૩ વરસમાં પ્રત્યક્ષ રીતે તો દેવનાર ધ્વારેથી એકપણ પશુ બચાવવા શક્ય નહોતું બન્યું પણ સત્યાગ્રહ શરૂ થવાથી દેવનાર માટે મળતો પુરવઠો ઘટતો રહ્યો એમ આડકતરી રીતે હજારો પશુઓ બચ્યા હતા. સત્યાગ્રહથી ગોરક્ષાનો પ્રશ્ન દેશમાં જાગતો રહ્યો છે અને એના પરિણામે પંદર રાજ્યોમાં સંપૂર્ણ ગોવંશ હત્યાબંધી કાનૂનો બન્યા છે. હરિયાણામાં પણ કાનૂન બનવા જઈ રહ્યો છે. આ બધામાં દેવનાર સત્યાગ્રહનો બહુમૂલ્ય ફાળો રહ્યો છે.

કાયદો બનાવવાથી સરકાર અને ગોસેવકો બંનેની જવાબદારી હવે વધે છે. નબળા, અશક્ત, વસુ ગયેલી ગાયો વિ.ના નિભાવ માટે વહેલી તકે ત્રણ નવી મોટી પાંજરાપોળ એનજીઓના સહકારથી સરકારે બનાવવા વિચારેલ છે. આરે કોલોનીમાં ૨૦૦ એકરમાં આવી પાંજરાપોળ બનાવવા માટે સરકારે કેન્દ્ર પાસે સહાય માંગેલ છે. દેવનાર ગોરક્ષા સત્યાગ્રહની મૂળ માંગ તો સંપૂર્ણ દેશમાં ગોવંશ વધ પ્રતિબંધ કાયદાની તથા માંસ નિકાસની બંધીની છે તે તો હજુ ઊભી જ રહે છે. આ માટે હજી પ્રયત્નો કરવા જ રહયાં.

અતુલભાઈ શાહ પોતાના એક લેખમાં જણાવે છે કે ''જીવતા પશુઓની નિકાશ ધ્વારા સમગ્ર પાકિસ્તાનમાં હાઈકોર્ટના જજ શૌકત અઝીઝ સિદીકીએ એક આદેશ આપીને પાકિસ્તાનમાંથી જીવતા પશુઓની નિકાશ સંપૂર્ણ બંધ કરી છે. પાકિસ્તાનના ડેપ્યુટી એટર્ની જનરલ ફઝુઝ રહેમાન નિયાઝીએ તરત આદેશ બહાર પાડીને પશુની નિકાશ બંધી ફરમાવી છે. ત્યાંની સરકારને આ સદબુધ્ધિ સુઝી એ આપણી સરકારને કોર્ટ એનો કાન ખેંચશે ત્યારે જ સુઝશે કે શું?''

''બંગલા દેશમાં રોજની ૨૭૦૦૦ ગોવંશની ગેરકાયદે નિકાશ થાય છે. નેપાળમાં ગઢિમાઈના ઉત્સવમાં પાંચ લાખ પશુઓને મારવામાં આવે છે જે મોટે ભાગે ભારતમાંથી જતા હોય છે. એ વિશે સર્વોચ્ચ અદાલતે હાલમાં જ ચુકાદો આપીને એક પણ પશુ અહિંથી નેપાલ ન જાય એ માટેના આદેશો આપેલ છે. એ ન્યાયથી એક પણ પશુની નિકાશ બંગલાદેશ કે પાકિસ્તાનમાં કાયદે કે ગેરકાયદે પણ ન થવી જોઈએ.''

વિશ્વમાં દૂધ ઉત્પાદનમાં દ્વિતિય ક્રમાંકે રહેલા ભારત દેશે એ હકિકતનો સ્વીકાર કરવામાં જરા પણ નાનમ નહીં અનુભવવી જોઈએ કે ન્યુઝીલેન્ડ કે ડેન્માર્કની જેમ ભારતમાં દૂધનું ભરપુર ઉત્પાદન હોવા છતાં આર્થિક મોરચે તેનો લાભ લેવામાં તે નિષ્ફળ નિવડેલ છે. મેઈક ઈન ઈન્ડિયાના નારામાં ડેરી ઉદ્યોગના વિકાસને પણ પ્રાધાન્ય આપવું જરૂરી છે. કારણ કે જેટલી જલદી આ નિષ્ફળતા સ્વીકારશું તેટલી જલદી તે દેશના વિકાસમાં મદદ કરશે કારણ કે 'અ મેન મસ્ટ બી બિગ ઈનફ ટુ એડમિટ હિઝ મિસ્ટેક્સ, સ્માર્ટ ઈનફ ટુ પ્રોફિટ ફ્રોમ ધેમ એન્ડ સ્ટ્રોંગ ઈનફ ટુ કરેક્ટ ધેમ.'

ગાંધીજી, ''હું એક એવા પશુની કલ્પના કરી શકું છું. જે માણસ વગર જીવી જશે. પરંતુ હું એવા માણસની કલ્પના નથી કરી શકતો જે પશુ વગર જીવી શકે. ''

## ઉકેલી શકે તે દિવસ રાત વાંચે.

કોઈ સાંચ વાંચે કોઈ કાચ વાંચે
છતાં એ બધાયે લખી વાત વાંચે
હજારો વરસની ઉંમરનો માણસ
હજારો વરસથી જૂના પાઠ વાંચે
સ્વયં વાંચવા ક્યાં સમય છે નજૂમી
અને તું બીજાના ઘણાં હાથ વાંચે
નિશાળો તજી દઈ સુરાલય પધારો
નશામાં ખૂલે તે નરીજાત વાંચે
અભણ જે લીસોટા તણાયા ધરાપર
ભણેલાઓ એને સરેરાશ વાંચે
છે સ્પર્શો સુગંધો શ્રવણ મૂળ ભાષા
ઉકેલી શકે તે દિવસ રાત વાંચે.-

**ધ્રુવ ભટ્ટ-પ્રસાદી અરૂણભાઈ ભટ્ટ-વડોદરા.**

## ગૌશાળાના દાન માટે અભિપ્રાય લખી આપો

**વ્યવસ્થાપક** : મહારાજસાહેબ અત્યારે આર્થિક દૃષ્ટિએ ગૌશાળાને બહુ સહેવું પડે છે, પહોંચી શકાતું નથી, કૃપા કરી આપ આપના અનુયાયી શેઠિયાઓ ઉપર પત્ર લખી આપો જેથી અમોને સારી મદદ મળી રહે.

**મહારાજશ્રી :** ભાઈ, મેં એક મર્યાદા રાખી છે, તે એ કે શ્રીમંતોને ધનની દૃષ્ટિએ હું પ્રતિષ્ઠા આપતો નથી. હું દ્રઢ રીતે માનું છું કે આજે આર્થિક દૃષ્ટિએ જે સમાજરચના ચાલી રહી છે, તેમાં મૂળભૂત ફેરફારો થવા જોઈએ. અર્થને સ્થાને ધર્મ આવે તે જોવા હું મારી તમામ શક્તિઓ ખરચી રહ્યો છું. તમારા જેવા ત્યાગી પુરુષને પણ સંસ્થા માટે પૈસા ઉઘરાવવા નીકળવું પડે એ અતિ દુઃખદ વસ્તુ છે.

**વ્ય. :** તો આપનો અભિપ્રાય લખી આપો.

**મહારાજશ્રી :** મને તમારો જ પરિચય છે. તમારા વિશે આદર હોય એ સાચું, પણ ત્યાંની ગૌશાળા અને વહીવટ જોયા સિવાય હું શું લખી આપું ? જો આર્થિક રીતે તમો ગૌશાળા ન ચલાવી શકતા હો, તો ગાયોને બીજી પાંજરાપોળોમાં સોંપી દેવી અથવા 'ગોસેવા સંઘ' જેવી પ્રતિષ્ઠિત સંસ્થા સાથે જોડાણ કરી લેવું.

સામાન્ય રીતે લોકોનો એવો ખ્યાલ હોય છે કે જૈન મુનિઓ પાસે ફંડફાળાના પૈસા હોય છે, અને એમની સૂચના અનુસાર સારાં ફંડો ભરાઈ જાય છે. પણ અહીં હું એ સ્પષ્ટ કરવા માગું છું કે મેં એવો કોઈ શ્રીમંત રાખ્યો જ નથી. ઊલટું મૂડીવાદ સામે તો મારો અહિંસક બળવો છે. પ્રતિષ્ઠા ધનિકોની નહીં, પણ સમાજસેવકોની હોવી જોઈએ. તમારી મનોકામના સંતોષી શકતો નથી. તે બદલ ક્ષમા કરજો.- **મુનિશ્રી સંતબાલજી (વિ.વા. ૧૬.૧.૪૮)**

## દારૂના અને જુગારના અડ્ડાઓ પર મહિલાઓનો હલ્લાબોલ

અમદાવાદ શહેરના માધવપુરાના ઈદગાહ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી માથાભારે માણસો દારૂનો અડો તથા જુગારધામ ચલાવતા હતા. આ અંગે સ્થાનિક રહીશોએ અનેક વખત પોલીસને જાણ કરી હતી. પરંતુ કોઈ નક્કર પગલાં નહીં લેવાતા મોડી સાંજે મહિલાઓ સહિત સ્થાનિકોએ જુગારધામ અને દારૂ અડ્ડા પર હલ્લાબોલ કર્યું હતું. જનતા રેડ પાડી હતી.

**નોંધ :** ગુજરાતમાં દારૂબંધી નામની જ છે. અન્ના હજારેજીએ પણ આ અંગે ટીકા કરેલ હતી. જો સરકાર અને પોલીસ બંને ઈચ્છે તો કોઈની તાકાત નથી કે કોઈ આવા ગેરકાનુની કામ છડેચોક કરી શકે. પણ ભ્રષ્ટાચારની આ મહાજવાળા જ્યારે ગરીબોના કુંટુંબોને બરબાદ કરે છે ત્યારે જ મહિલાઓને હાથમાં કાયદો લેવો પડ્યો હશે ને ? ગરીબો માટે સેવા કરવાના નામે સતા મેળવતા આપણા સેવકોને આ ગરીબ કુંટુંબોની વેદના ક્યારે કાને પડશે ? સાંભળશે ?

ગાંધીના ગુજરાતમાં દારૂને બદલે દુધની નદીઓ ક્યારે વહેશે ? - **સૌ. મુંબઈ સમાચાર ૧૦.૨.૧૫**

**તા.ક.** વ્યસનમુક્તિના કામ કરે છે તેમને ધન્યવાદ પણ દારૂની વહેતી નદીઓ બંધ થાય એ જ ઝાડને મુળમાંથી કાઢી નાંખવા જેવું કામ નથી શું ? વ્યસનમુક્તિ સાથે વ્યસનની જડ જ બંધ થાય તેમ ન થાય શું ?

## ગેસના બાટલાના ભાવ વધે તેની ચિંતા ભીતબુદ્રક ગામ કરતું નથી

છાશવારે ગેસના બાટલાના વધતા ભાવથી મધ્યમ વર્ગના લાખો પરેશાન જોવા મળે છે પરંતુ તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકામાં આવેલા ભીતબુદ્રક ગામના લોકો રાંધવા માટે ગોબર ગેસ પ્લાન્ટના ગેસનો વપરાશ કરતા હોવાથી ગેસના બાટલાના ભાવ વધારાની તેમને ચિંતા કરવી પડતી નથી. માત્ર ૧૫૦ રૂપિયા એક પરિવારની રસોઈ બનાવવાનો ખર્ચ થાય છે.

જિલ્લા મથક વ્યારાથી ૪૦ કિમી દુર આવેલા આ અંતરીયાળ ગામમાં છેલ્લા ૫ વર્ષથી બાયોગેસની જ્યોત ઝળહળે છે. આ અંગે ગામના નાગરિક વિનોદભાઈ કહે છે. ગામની સહકારી દૂધ મંડળી ગેસ પ્લાન્ટનો સમગ્ર વહિવટ સંભાળે છે. આ ગોબરગેસ તૈયાર કરવા માટે સુમુલ ડેરી, જિલ્લા પંચાયત અને ગ્રામજનોના સહિયારા પુરુષાર્થથી ૨૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. જેમાં જિલ્લા પંચાયતે ૧૦ લાખ સુમુલ ડેરીએ ૮ લાખ અને ૨ લાખ રુપિયાનો ગામ લોકોએ લોકફાળો ભેગો કરીને આપ્યો હતો. હાલમાં ૧૫૦ થી પણ વધુ પરિવારો ગેસનું કનેક્શન ધરાવે છે.

દૂધમંડળીના પ્રમુખ અને ગેસ પ્લાન્ટના સંચાલક ચુનિભાઈ નાઈક કહે છે ૮૫ બાય ૮૫ ઘન મીટરના ખાડા કરીને બે ગોબર ગેસ પ્લાન્ટ મુકવામાં આવ્યા છે. બંનેમાં ૬૦ ટન જેટલું છાણ ભરી શકાય તેટલી ક્ષમતા છે. ગેસ પ્લાન્ટ ચલાવવાનો ખર્ચ લાઈટ બીલ સાથે અંદાજે ૫૫ હજાર જેટલો આવે છે. તેઓ વધુમાં જણાવે છે કે કમ્યુનિટી બેઝ પ્રેશર સિસ્ટમ ધરાવતા દેશના પહેલ વહેલા ગોબર ગેસ પ્લાન્ટની શરૂઆત અમારા ગામમાં થઈ છે.

તેઓ વધુમાં જણાવે છે કે આ પ્લાન્ટની રોજની ક્ષમતા ૧૭૦ ક્યુબિકમિટર બાયોગેસની છે. બાયોગેસ ચલાવવા માટે ગામની સહકારી દૂધ સહકારી મંડળી દ્વારા ૪ ટન જેટલું ગોબર એક કિલોના ૩૫ પૈસાના ભાવે ગામમાંથી ખરીદવામાં આવે છે. ગોબરગેસ ચલાવવા માટે ૫ થી ૭ લોકોએ રોજ સવારે ઉઠીને પ્લાન્ટમાં છાણ ભરવાનું કામ કરે છે.

ભીતબુદ્રક ગામમાં પશુપાલન કરતી બહેનો પ્લાન્ટ માટે પશુઓનું ગોબર-છાણ આપવાનું કામ નિયમિત સંભાળે છે. તેમાંથી ગેસ ઉપરાંત મહિને ૪૦૦ થી ૫૦૦ રૂપિયાની આવક પણ મેળવે છે. તેમનું કહેવું છે કે ભીતબુદ્રક ગામમાં માત્ર ૨૦ કુટુંબો જ એવા છે કે જેમને ગોબર ગેસ પ્લાન્ટનું કનેક્શન લેવામાંથી બાકાત રહી ગયા હતા તે પણ ગેસ કનેક્શન લેવાનું વિચારી રહ્યા છે.- **''ગુજરાત સમાચાર'' માંથી સાભાર.**

**આ અંકનું સ્પોન્સરશીપ-સૌજન્ય જયંતીલાલ સુખલાલ મહેતા, ઘાટકોપર (પ.), મુંબઈ - ૪૦૦ ૦૮૬. તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.**

## ભુમિ અધિગ્રહણ કોના માટે ? - ઉત્તમ ઉદ્યોગ, કનિષ્ઠ ખેતી !!!

ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ઠ નોકરી. આ છે પરંપરાગત કહેવત. વેલ, વર્તમાન સંદર્ભમાં આ કહેવત જો કેન્દ્ર સરકારને પૂછવામાં આવે તો ઉત્તમ ઉદ્યોગ, મધ્યમ નોકરી અને ખેતી છેક છેલ્લા ક્રમે કનિષ્ઠના સ્તરે જતી રહી છે.

રિઝર્વ બેન્કના ગવર્નર રઘુરામ રાજને બે મહિના પહેલાં એક ચર્ચાસ્પદ વિધાન કરતાં એવું કહ્યું હતું કે, ભારતે જો ખરેખર ઝડપી વિકાસ સાધવો હોય તો મહત્તમ લોકોને ખેતરોમાંથી બહાર લાવીને ઉદ્યોગો સાથે જોડવા પડશે. તેમના વિધાનનો અર્થ સ્પષ્ટ હતો. ખેતી થકી થતી આર્થિક તરક્કી એટલી બધી ધીમી અને અનિર્ણયાત્મક છે કે કુલ ઘરેલુ ઉત્પાદન (જીડીપી) વધારવા માટે ઉદ્યોગોનો આશરો લીધા વગર આરો નથી.

વિશ્વ બેન્ક કહે છે કે, જુઓ અમેરિકાની ફક્ત ૧ ટકા જ વસ્તી (આશરે ૭ લાખ લોકો જ) પ્રત્યક્ષ રીતે ખેતી સાથે સંકળાયેલા છે. તેમ છતાં અમેરિકા ખેત ઉત્પાદનના મોરચે જગતના ટોચના દેશોમાં સ્થાન પામે છે. ભારતે પણ એ મોડેલને અનુસરવું જોઈએ. વિશ્વ બેન્ક ભારતને આ સલાહ એમને એમ નથી આપતું. ભારતમાં વધી રહેલા શહેરીકરણ અને તૂટી રહેલાં ગામડાંઓનો અભ્યાસ કરીને વિશ્વ બેન્ક એવું કહે છે કે, આગામી દસ વર્ષમાં ફ્રાન્સ, જર્મની અને ઈંગ્લેન્ડની કુલ વસ્તી કરતાં બમણાં લોકો ભારતના ગામડાઓમાંથી શહેરો તરફ વસવાટ કરશે. મતલબ એ થયો કે આગામી દસ વર્ષમાં આશરે ૪૫ કરોડ લોકો શહેરો ભણી ધસી આવશે.

આ સ્થિતિમાં શહેરોની તમામ માળખાગત વ્યવસ્થા તૂટી પડશે. શહેરોને જો બદહાલ બનતાં અટકાવવા હશે તો વધુને વધુ જમીનો હાંસલ કરીને ત્યાં રહેણાક મકાનો અને દુકાનો અને ઓફિસો અને કારખાનાઓ બનાવવા પડશે. એ જમીન ક્યાંથી આવશે? એ સવાલના જવાબમાં વિશ્વ બેન્ક અમેરિકાનું ઉદાહરણ આપે છે અને ભારતને સોનાના ઝળહળતા ચરૂ જેવી ખેતીલાયક જમીન પર કોંક્રિટના જંગલ ખડકી દેવાની સલાહ આપે છે.

વિશ્વ બેન્ક તો કંઈપણ કહે, તાજુબી એ છે કે રિઝર્વ બેન્કના ગવર્નર પણ એ જ તર્જપર ખેતી નાબુદીના ગીત ગાય છે અને વધુ આઘાત જનક બાબત એ છે કે કેન્દ્ર સરકાર પણ એ જ તર્જને સાચી માનીને ભૂમિ અધિગ્રહણ કાનૂન હળવો કરી ચૂકી છે. બોલિવૂડ અને ક્રિકેટની ચકાચૌંધથી અંજાયેલા પ્રસાર માધ્યમો તેમની ટેવ મુજબ ભૂમિઅધિગ્રહણ કાનૂનને, ટીવી ચેનલોની ભાષામાં કહીએ તો, ડ્રાય સબ્જેક્ટ ગણે છે. કારણ કે તેમાં કોઈ ગ્લેમર નથી.

વાસ્તવિકતાએ છે કે કિસાનની જમીન અત્યંત સરળતાથી મેળવી શકતા આ કાયદા વિશે દેશભરમાં વ્યાપક ચર્ચા થવી જોઈએ. ભાજપ કે કોંગ્રસ કે સપા કે બસપાના પક્ષીય ખેસ ઘડીક કોરાણે મૂકીને ખરા ભારતીય તરીકે આ મૂદ્દાના દરેક પાસાઓને ચકાસવા જોઈએ. ઘરવાપસી અને લવજિહાદ જેવી કટ્ટર ધર્માંધતા કરવી જ છે તો એ તો પછી ય થઈ શકશે. અત્યારે વખત છે કિસાનને, ખેતીને અને ખેતી લાયક સોનલવરણી જમીનને બચાવવાનો.

સિત્તેરના દાયકા સુધી આપણે અનાજ અને કઠોળ અને શાકભાજી અને દૂધ જેવી પ્રાથમિક આવશ્યકતાઓ માટેય આત્મનિર્ભર ન હતા અને હરિતક્રાંતિ, શ્વેતક્રાંતિ સર્જવી પડી હતી. આજે એ બે મહાક્રાંતિના પગલે આપણે આત્મનિર્ભર છીએ. સતત પ્રયોગો અને પ્રોત્સાહનના પગલે ખેતીને કસવાળી કરી શકાઈ છે. જેને લીધે વસ્તીવૃધ્ધિના વિસ્ફોટક દર છતાં ય આપણે અનાજ ઉત્પાદનનો દર પણ સતત વધારતા જઈએ છીએ. તેનું એકમાત્ર સીધી લીટીમાં કહી શકાય તેવું કારણ એ છે કે આપણી પાસે ખેતીલાયક જમીન છે. ધન-ધાન્યથી લહેરાતા, આંખોને ટાઢક અને પેટને ઓડકાર આપતા લીલાછમ્મ ખેતરો જ્યાં હતા ત્યાં આપણે કોંક્રિટના જંગલો ખડકી દીધા છે.

વેલ, જો સરકાર આપણા ખેડૂતોના હળ તળેથી ખેંચીને જમીન મેળવી લેશે તો એ કોને આપશે ? એ માટે વિદેશી કંપનીઓ તૈયાર જ બેઠી છે. રૂપકડા સ્માર્ટ સિટીના વાયદા આપણે સાંભળવા લાગ્યા છીએ. ભારતમાં ઉદ્યોગ શરૂ કરવા માટે વિદેશી કંપનીઓને તો આપણે સામેથી અછોઅછો વાના કરીને બોલાવીએ છીએ. ખેડૂતો પાસેથી છીનવાયેલી જમીનના આવતી કાલે એ માલિકો હશે. આજે જ્યાં ઘઉં ઊગે છે, ઘઉંના છોડમાં જીવાત પાંગરે છે, જીવાત પર નભતા ઉંદર જીવે છે, ઉંદરને આરોગતા સરિસૃપ નભે છે... સહઅસ્તિત્વની કુદરતે બનાવેલી એ આખી સાઈકલ ખતમ થઈ જશે અને ત્યાં મોટરના, રંગના, જહાજના, રસાયણના, ખાતરના કારખાના લાગી ગયા હશે. નામ હશે વિકાસનું નામ હશે રોજગારીનું નામ હશે જીડીપીનું.

કોણ વિચાર કરે છે કે આવતી કાલે હિન્દુસ્તાન શું ખાશે ? કોને પરવા છે કે આવતી કાલે ફરીથી અનાજની ઘટ પડશે ત્યારે ક્યાં શકોરું લઈને ફરશું? સિત્તેરના કાયદાની માફક પીએલ-૧૭ તરીકે ઓળખાતા, ઉંદર પણ ન ખાય તેવા લાલ ઘઉં આયાત કરવા પડશે ત્યારે શું થશે ?

સવાલ સમગ્ર રાષ્ટ્રને, રાષ્ટ્રની મૂળભૂત અને પરંપરાગત ઓળખને, રાષ્ટ્રની માનસિકતાને સ્પર્શે છે માટે જવાબ પણ ખરાં ભારતવાસી બનીને જ વિચારવો પડશે. એ માટે કોંગ્રેસના, ભાજપના ખેસ અને મોદીના કરિશ્માના મંજીરા બાજુ પર મૂકવા પડશે.

ખેતી ભણી કદમએ એક કરવા જેવી ઘરવાપસી નથી લાગતી ? -

**સૌ. ગુજરાત સમાચાર**

## યહ સંકલ્પ કબ હોગા પૂરા ?

ગોવંશ કી રક્ષા ઔર ગોહત્યા પર પાબંદી હંમેશા સે ભાજપા કે લિએ મુદ્દા રહા હૈ. લોકસભા ચુનાવોં ઔર હરિયાણા વિધાનસભા ચુનાવોં મેં ભાજપા ને ઈસ આશય કે પોસ્ટર ભી છાપે ઔર પેમ્ફલેટ ભી બાંટે. ભાજપા કે રાષ્ટ્રીય ગોવંશ વિકાસ પ્રકોષ્ઠ કી તરફ સે જારી એક પત્રક મેં નરેન્દ્ર મોદી ઔર રાજનાથ સિંહ કો ગાય કો દાના ખિલાતે હુએ ચિત્રિત કિયા ગયા. નારા ભી દિયા 'મોદી કો મતદાન, ગાય કો જીવનદાન' યા ફિર 'ભાજપા કા યહી સન્દેશ- બચેગી ગાય બચેગા દેશ.' ઈસ પત્ર મેં ગોહત્યા કિસી ભી કીંમત પર રોકને કે સાથ હી ગોચરાન ભૂમિ મુક્તિ પર બલ દેને કી બાત કહી ગયી હૈ. યહી બાત અબ સંત ગોપાલદાસ યાદ દિલાના ચાહતે હૈં તો ઉનકે વિરુદ્ધ હી બલ પ્રયોગ કિયા જા રહા હૈ. યહ સંકલ્પ કબ હોગા પુરા ? ભાજપકો અપના વાદા તો યાદ હોગા હી ?

# સ્વચ્છ ભારત અભિયાન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ સ્વચ્છ ભારત અભિયાનને અગ્રીમતા આપી છે. પણ એ રાજકીય કાર્યક્રમ છે, એના પાયામાં સત્ય, ધર્મ, અધ્યાત્મ, અહિંસા નથી. એટલે પ્રજા પોતાની ફરજ સમજી એમાં યોગદાન ન આપે ત્યાં સુધી માત્ર સરકારથી એ સફળ થશે નહીં. પ્રધાનમંત્રીની બધી વાતમાં સહમતિ શક્ય નથી અને એ જરૂરી પણ નથી પણ 'સ્વચ્છ ભારત' ના કાર્યક્રમમાં તો બધા સહમત થઈ શકે તેમ છે. પ્રધાનમંત્રીએ પ્રસિધ્ધ મહાનુભાવો, સંસ્થા, વિ.ને પણ આમાં જોડ્યા છે. માત્ર પ્રજાની જાગૃતિની જ જરૂર છે.

પ્રાયઃ ગાંધીજનો અને સર્વોદય પ્રેમીઓ પ્રધાનમંત્રી વિરુધ્ધ વક્તવ્યો આપતા રહે છે, લખતા રહે છે, એમાં સત્યનો અંશ જરૂર છે પણ આડકતરી રીતે આપણે એની ખ્યાતિ જ કરી રહ્યા છીએ. આપણા વચ્ચે એક દિવાલ ઊભી થઈ છે. આપણે 'સ્વચ્છ ભારત' અભિયાનમાં તનમનથી સહાયક થઈએ અને સંવાદની ભૂમિકા તૈયાર કરીએ તો આપણી વાત સરકાર સહર્ષ સાંભળશે તો ખરી જ. એક વિચાર વિનિમયનો પૂલ બને.

ગાંધીજી એક વિભૂતિ છે. વિભૂતિત્વ એ અખંડ તત્વ છે. એટલે એકાંગી રીતે પ્રધાનમંત્રીજી ''સ્વચ્છ ભારત'' ના કાર્યક્રમ અર્થે ગાંધીજીના નામનો ઉપયોગ કરે છે તો ભલે કરે. ગાંધીજીને ગમતું કાર્ય તો કરે છે. પણ એનાથી ગાંધીજીના અંતરમાં પ્રવેશ ન મળે, પામી શકાય નહિ. ગાંધીજી કે કોઈપણ વ્યક્તિ-સંત-સદગુરૂને પામવા હોય તો એમને આખા લેવા પડે. અમુક વાતને માનીએ અમુક નહિ એમ ચાલે નહિ. એમ કરીને વ્યક્તિ છેવટે પોતાને જ છેતરે છે, પોતાની જાત સિવાય જીવ કોઈને છેતરી શકતો નથી એ સહુ હંમેશા યાદ રાખે.

# બુરી નઝરવાલે તેરા મુંહ કાલા

હંમેશા કોઈની ને કોઈની ફરિયાદ કરતા રહીએ છીએ. પ્રશાસનની ફરિયાદ કરીશું અને નેતાની ફરિયાદ કરીશું. બૉસ માટે પણ આપણી પાસે ફરિયાદ છે અને સાથી કર્મચારી માટે પણ આપણી પાસે બહુ બધી ફરિયાદો છે, પણ હું કહું છું કે આપણે કેમ ક્યારેય આપણી તરફ નજર નથી કરતા. જો આપણે એક વખત આપણી અંદરની ફરિયાદ દૂર કરવાની કોશિશ કરીશું તો બનશે એવું કે બીજા લોકો માટે રહેલી ફરિયાદો આપોઆપ આપણા માટે હળવી થશે અને આપણને રાહતનો અનુભવ થશે.

જો સુધરવા માટે તૈયાર હો તો સૌથી પહેલાં સ્વચ્છતાની બાબતમાં સુધરવાનું છે. ભારત સરકારે સ્વચ્છ ભારતનો નારો ભલે આપ્યો, પણ સાવ સાચી વાત તો એ છે કે આપણે ચોખ્ખાઈ રાખવી જોઈએ એવું કહેવું પડે એ વાત જ શરમજનક છે. ક્યારેય કોઈને કહેવું પડે છે કે ભલા માણસ, કપડાં પહેરો અને ધારો કે આવું કહેવું પડે તો એ માણસને આપણે કઈ કૅટેગરીમાં ગણીએ? કાં તો બાળકની કૅટેગરીમાં એની ગણતરી કરવી પડે અને કાં તો તેને પાગલ માનવો પડે. મૅચ્યોરિટી દેખાડવાનો સમય છે ત્યારે આપણે પહેલી મૅચ્યોરિટી આ બાબતમાં દેખાડીએ અને મ્યુનિસિપાલિટીની કે સફાઈ કામદારોની વાતો કરવાને બદલે સ્વચ્છતા માટે આપણી જે જવાબદારી છે એ જવાબદારી નિભાવીએ.- **રંગભૂમિના જાણીતા, કલાકાર-સનત વ્યાસ.**

# ગાંધી કથાકારની વસમી વિદાય

જીવન ધારણ કરનાર બધા લોકો પોતાને માટે કે પોતાના પરિવાર માટે જીવે છે, પરંતુ થોડા લોકો એવા પણ હોય છે જેઓ પોતાના પરિવારને સુધ્ધાં બાજુએ મૂકીને સમાજ માટે જીવન જીવે છે. કઠોપનિષદમાં આને અનુક્રમે પ્રેય અને શ્રેય તરીકે ઓળખાવવામાં આવ્યું છે.

કઠોપનિષદે જેને વ્યક્તિગત ગુણ કહ્યો છે એ શ્રેયને ગાંધીજીએ કદાચ ઈતિહાસમાં પહેલી વાર સામાજિક બનાવી દીધો હતો. આજે એક એક શ્રેયાર્થી આપણી વચ્ચેથી જાય છે ત્યારે હૃદયમાં ચીરા પડે છે. અંગત સ્વાર્થે જાણે દુશ્મનાવટ સાથે વળતું આક્રમણ કર્યું છે. આજે જે સ્વાર્થ જોવા મળે છે એ કઠોપનિષદે કહ્યું છે એવું પ્રેય નથી, પરંતુ કૃપણતા છે; જેને વિકૃતિ જ કહેવી પડે. કદાચ એવું હશે કે માનવી જ્યાં સુધી સેચ્યુરેશન લેવલે ન પહોંચે ત્યાં સુધી તેના મનમાં અભાવ પેદા થતો નથી. એ સમય જ્યારે આવશે ત્યારે સમાજને દિશાદર્શનની જરૂર પડશે એટલે ગાંધીજી જે અનેક દીવાદાંડીઓ આપતા ગયા હતા એમાં એક દીવાદાંડી નારાયણ દેસાઈ હતા. ચુનીભાઈ વૈદ્ય પછી ટૂંકા ગાળામાં આ બીજો આંચકો છે.

ગાંધીજીએ જેટલી તીવ્રતા સાથે 'હિન્દ સ્વરાજ' લખ્યું હતું એટલી જ તીવ્રતા સાથે તેમણે ચાર ભાગમાં ગાંધીજીનું ચરિત્ર લખ્યું હતું. ગોધરા પછીનું ગુજરાત તેમને માટે મોટો આંચકો હતું એટલે ત્યારે તેમણે ગામેગામ જઈને ગાંધીકથા કરવાનો સંકલ્પ કર્યો હતો. છેલ્લાં ૧૨-૧૩ વર્ષમાં ૧૫૦ જેટલી કથાઓ તેમણે કરી હતી જેમાં પાંચ દિવસ પાંચ-પાંચ કલાક તેઓ ગાંધીજીવન અને ગાંધીદર્શનનો શ્રોતાઓને સરળ ભાષામાં પરિચય કરાવતા હતા. ગાંધીજીને પામવાની અને પમાડવાની તીવ્રતા એટલી હતી કે છેલ્લે-છેલ્લે તો તેઓ ગાંધીને શ્વસતા હતા.

સાધારણ રીતે ગાંધીવાદીઓ કલાની બાબતમાં ઉદાસીન હોય છે અને કેટલાકને તો મેં રુક્ષ પણ જોયા છે. નારાયણભાઈ આમાં અપવાદ હતા. નારાયણભાઈ સારું ગાતા. તેમણે પોતે કેટલીક રચનાઓ સ્વરાંકિત પણ કરી છે. તેઓ ગુજરાતી-હિન્દી-અંગ્રેજી ઉપરાંત ઉડિયા અને બંગાળી ભાષા પર પણ પ્રભુત્વ ધરાવતા હતા. તેમણે ગુજરાતીમાં રેખાચિત્રો, જીવનચરિત્રો અને સંસ્મરણો લખ્યાં છે જે ભાષાલાલિત્યમાં કોઈ મૌલિક સાહિત્યકૃતિની બરાબરી કરે એવાં છે. જીવનચરિત્ર કેવું હોવું જોઈએ એનું જો કોઈ ઉદાહરણ આપવું હોય તો નારાયણભાઈએ તેમના પિતા મહાદેવભાઈ દેસાઈનું લખેલું ચરિત્ર 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' વાંચવું જોઈએ. તેમને સાહિત્ય માટેના રણજિતરામ સુવર્ણચન્દ્રક, મધ્યસ્થ અકાદમી અવૉર્ડ વગેરે ઈલકાબો તો મળ્યા છે. પરંતુ ગુજરાતના સારસ્વતોએ સર્વાનુમતે તેમને ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ તરીકે ચૂંટ્યા હતા. બાય ધ વે મહાદેવભાઈ અને નારાયણભાઈ એવી એકમાત્ર પિતા-પુત્રની જોડી છે જેમને બન્નેને મધ્યસ્થ સાહિત્ય અકાદમીનો અવૉર્ડ મળ્યો છે. મહાદેવભાઈને ૧૯૫૫માં ડાયરીઓ માટે મરણોત્તર ઈલકાબ આપવામાં આવ્યો હતો.

ઉંમર જોતાં નારાયણભાઈ જવાનો અફસોસ નથી, પરંતુ ખપ જોતાં નારાયણભાઈ જવાનો અફસોસ મોટો છે.- **રમેશ ઓઝા, મિડ-ડે માંથી સાભાર.**

## પત્રપ્રસાદી

૧. ઈ.સ. ૨૦૦૭ થી બંધ થયેલ સામયિકનું પુનઃપ્રકાશન ચાલુ કરી સાત્વિક વાંચનના ઈચ્છુકોની આપ મોટી સેવા કરી રહ્યા છો. **મુળશંકર ભટ્ટ-દ્વારકા.**

૨. સામાજીક શુધ્ધિકરણ માટેની આપની તાલાવેલી અને આંતરિક ઉત્કર્ષ માટેની તપસ્યા આપના પ્રતિ સન્માન પ્રગટાવે છે.

સૌરાષ્ટ્રમાં માલપરા તો ઘણા છે પરંતુ આ મારું વતન ''માટલિયાજીના માલપરા''ને નામે સુખ્યાત છે. માલપરાની ઘણી વિશિષ્ટતાઓ માટલિયાભાઈને કારણે મળેલી આજે યે અહીંના સમાજને દોરી રહી છે. શ્રી હીરજીભાઈ ભીંગરાડિયાનો પંચવટી બાગ રાજ્યભરનું સમગ્ર સજીવ ખેતીના ક્ષેત્રે દર્શનીય સ્થળ છે.- **લાભુભાઈ પરમાર - માલપરા.**

૩. અંક મળ્યો આશા છે એ ઉપયોગી થઈ પડશે. રસ લેતા મિત્રોના સરનામા સહયોગ રાશી મોકલવા પ્રયત્ન કરીશ- **વસંતભાઈ - સર્વોદય આશ્રમ-માઢી**

૪. ગો.પા. ફરી શરૂ થયું સારું કર્યું બીજા અંકમાં પત્ર પ્રસાદી વાંચવા મળી બધાએ આવકાર્યું તેથી તમારી જવાબદારી વધી જાય છે.- **મધુભાઈ ભીમાણી, મુલુંડ.**

૫. તમારી વિચારયાત્રાનો હું નજીકનો સાક્ષી છું. હવે આ યાત્રાનું છેલ્લું પદક હોય તો તે સાથે હું સંપૂર્ણ સહમત છું. જે સામાયિક તમોએ પુનર્જીવિત કર્યું છે તેમાં વર્તમાન સમયે ભારતના રાષ્ટ્રીય સંજોગોનું નિષ્પક્ષભાવે સૈધ્ધાંતિક મૂલ્યાંકન થાય તો વિવિધતા ઉપરાંત બૌધ્ધિક ચર્ચાને પણ સ્થાન રહેશે. - **ટી.યુ. મહેતા, અમદાવાદ.**

૬. ગો.પા. મળ્યું, વાંચ્યું, ગમ્યું ચાલુ રાખજો - **લવજીભાઈ ચૌધરી, ગઢા.**

૭. ગો.પા. પત્રિકા તો એક માધ્યમ છે. અહિંસા ક્રાંતિ અને સમુચિત સમાજ રચનાના વિચાર પ્રસાર માટે એવું હું સમજું છું. અહિંસામય જીવનમાં શોષણમુક્તિ આવે અને પર્યાવરણની મૈત્રી પણ આવે. ગાંધી વિચારનો આ જ પાયો છે. તે જ વાત સાધ્ય-સાધનની એકતા, વિકેન્દ્રીકરણ અને ટ્રસ્ટીશીપ સુધી લઈ જાય, કાર્યક્રમો તો જોઈએ જ તે જ પગથિયા છે, તેને સમજીને અપનાવવા પડે, નહી તર પગથિયાને જ વળગી રહેવાય ઉપર ન ચડાય. - **રમેશભાઈ સંઘવી, ભુજ સંપાદક: 'શાશ્વત ગાંધી'.**

૮. ગો.પા. મળતા તમારો પરિચય તાજો થયો. પૂજ્ય સંતબાલજીના અવતરણો અને નોંધ વાંચી અતિ આનંદ થયો. સંતબાલ વિચાર આજે પણ કેટલા પ્રસ્તુત છે તે જોઈ શકાય છે. - **જેસંગભાઈ ડાભી - મંત્રી ભાલનળકાંઠા પ્રા. સંઘ, અમદાવાદ**

૯. સાંપ્રત કામમાં ગો.પા. જેવું ઉમદા સામાયિક સદ્સાહિત્યના વાંચનનો વ્યાપ વિસ્તારવા માટે જે ઉમદા કાર્ય કરી રહેલ છે તે આપની લગન જેહમતને શુભનિષ્ઠાને આભારી છે.- **બાબુલાલ ગોર, ભુજ (કચ્છ).**

૧૦.અંક ૨ વાંચીને મઝા પડી ગઈ. સત્વશીલ વાંચન મળવું એ પણ સુભાગ્ય ગણાય. આત્મિકવાણી અને સ્ફુરણાવલી પરથી જ અંદર શું હશે, કેવું હશેનો ખ્યાલ આવી જાય. કામ કરવું અને કરાવવું એ બે માં જે ફેર છે એટલો કદાચ એથી વધારે અંતર આવું શોધી શોધીને પત્રિકામાં પીરસવું એ જણાય છે. ફક્ત સમર્પણ ભાવ થકી જ આ શક્ય છે.- **રમેશભાઈ પંડ્યા - ચેરમેન કરુણા ઈન્ટરનેશનલ, જુનાગઢ**

૧૧. ફોન વાર્તાથી ગો.પા.ના નૂતન અવતાર દર્શનથી અત્યંત આનંદ અમારા સર્વ સહયોગ શુભાશય - **પ્રો. પ્રતાપભાઈ ટોળીયા, બેંગલોર.**

પ્રતાપભાઈ દેશ વિદેશ અનેક સ્થળે ભક્તિ સંગીત, ભજન સંધ્યા, મહાવીર કથા, શિબિરો વિ. કરતા રહે છે. પ્રતાપભાઈ સારા સંગીતકાર -ગાયક છે. આનંદઘન ચોવીસી સ્તવન સી.ડી. (૪ા કલાક) ના રૂા.૩૦૧/-, મહાવીર કથા MP-3 રૂા.૧૦૧/-, સદગુરુબોધ MP-3 રૂા.૧૦૧/-, ના માટે પ્રતાપભાઈનો સંપર્ક કરી શકો છો. પ્રતાપભાઈ ટોલિયા, ૧૫૮૦, કુમાર સ્વામી લેઆઉટ, ડી.એસ. કોલેજ રોડ, બેંગલોર-૫૬૦ ૦૭૮. મો. નં. ૦૯૬૧૧૨૩૧૫૮૦.

## લવાજમ મળેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | મધુભાઈ ભીમાણી | - | થાણા |
| ૨. | મહેન્દ્રભાઈ બુચ | - | રતનપુર |
| ૩. | સ્વામી ગોપાલાનંદ | - | રતનપુર |
| ૪. | મુકેશ પટેલ | - | અમદાવાદ |
| ૫. | હસમુખ મહેતા | - | અમદાવાદ |
| ૬. | ઉષાબેન કોઠારી | - | અમદાવાદ |
| ૭. | જેસીંગભાઈ ડાભી | - | અમદાવાદ |
| ૮. | ધીરૂભાઈ જોગીયા | - | માલસર |
| ૯. | વિષ્ણુભાઈ પંચાલ | - | માલસર |
| ૧૦. | રમેશભાઈ ગોહેલ | - | કરજણ |
| ૧૧. | દિપકભાઈ ત્રિવેદી | - | ગાંધીનગર |
| ૧૨. | બાબુભાઈ ઠક્કર | - | મુંબઈ |
| ૧૩. | મનોજકુમાર પાલા | - | રાજકોટ |
| ૧૪. | શાંતીલાલ ગઢીયા | - | વડોદરા |
| ૧૫. | જીતેન્દ્ર મોદી | - | પદમપુર |

**ખાસ સુચના:** e.M.O. સ્લીપમાં હવે નામ સરનામા લખી નથી શકાતા તો લવાજમ મ.ઓ.થી મોકલનારા ગ્રાહકોએ ગ્રા.નં., નામ, પોષ્ટથી, SMS થી અથવા મો.નં.**૦૭૫૦૬૭૫૦૨૫૧** પર જાણ કરવી જરૂરી છે.

**તા.ક:** દેવનાર ગોરક્ષા સત્યાગ્રહ સમાપન અને આભારાર્થે તા.૧૦.૪.૧૫ના એક સમારોહ સર્વોદય તીર્થ, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈમાં સવારે ૯.૩૦ થી ૧.૦૦ રાખેલ છે. સહુને પધારવા આમંત્રણ છે. વધુ વિગત માટે સંપર્ક- દુરભાષ નં.૦૨૨-૨૫૧૫૧૦૧૨

**''જીવનપટને સચ્ચાઈ, સાદાઈને સંતોષના તાણાવાણા વડે ગુંથી લેશો તો સુખ સામે પગલે તમને શોધતું આવશે.''**

R.N.I. No.MAHGUJ / 2002 / 9750

## આપણે સરળતાની ઉપેક્ષા કરી છે

આચાર્ય વિનોબા ભાવેએ કહ્યું છે કે, માણસ ઘણા પ્રકારના અહ્મથી વીંટળાયેલો છે. એને ધનનું અભિમાન હોય, ગુણનું કે જ્ઞાનનું અભિમાન હોય, પરંતુ 'મારામાં કોઈ પણ પ્રકારનું અભિમાન નથી' એમ કહેનાર જેવા કોઈ અભિમાની હોતો નથી.

આજના યુગે સંહારક અણુશસ્ત્રો સર્જીને જેટલી ભૂલ કરી છે એટલી જ ભૂલ માનવીએ એના જીવનમાંથી સરળતાની ઉપેક્ષા કરીને કરી છે. એક વાર એક ઝેન સાધુને કોઈએ પૂછ્યું, ''પરમાત્મા કેવી રીતે મેળવી શકાય?''

''બસ, જ્યારે ભૂખ લાગે ત્યારે ખાઈ લેવું અને ઊંઘ આવે ત્યારે સૂઈ જવું. આમ કરવાથી જરૂર પરમાત્માની પ્રાપ્તિ થશે.''

આ સાંભળીને પેલાએ કચવાતા કહ્યું, ''અરે! આવું તો અમે રોજ કરીએ છીએ. પણ પરમાત્મા મળે છે ક્યાં?''

સાધુ ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા, ''તમે એવું ક્યાં કરો છો? તમને જમતી વખતે કામની ચિંતા સતાવે છે. તમને સૂતી વખતે કેટલાય વિચારો આવે છે. તમે ભોજન વખતે ભોજન સિવાય બીજા કશાનો વિચાર ન કર્યો હોય તેવું બન્યું છે ખરું?''

અને સાચે જ માનવીએ એના જીવનમાંથી સરળતાને દેશનિકાલ આપ્યો છે. કોઈને ધનનો આડંબર છે તો કોઈને જ્ઞાનનો ગર્વ છે. કોઈને સિદ્ધિનો કેફ છે તો કોઈને સત્તાનું ગુમાન છે. આ બધા એમના જીવનની આસપાસ દંભ વીંટાળીને ફરે છે. પોતાની જાતને જોવા જેવી અઘરી વાત બીજી કોઈ નથી. પરંતુ જાતને જોવા માટે અંદર જોવા જેવું કપરું અને અઘરું બીજું એકે નથી. બહારની દુનિયા તો આંખોથી જોઈ શકાય, પણ દૃષ્ટિ વિના આંતરિક જગતની કેડીય દેખાય નહીં. પણ હાથની માફક આપણું સાચું પ્રતિબિંબ જોવું આપણને ગમતું નથી.

હાથી તળાવમાં પાણી પીવા જાય છે ત્યારે પોતાનું પ્રતિબિંબ જોઈને એ ખુદ અસ્વસ્થ બની જાય છે. એને થાય છે કે કેવું દોદળું છે આ શરીર?મોટા ઘરના નાના ગોખલા જેવી ઝીણી ઝીણી આંખો. કાન તો સૂપડા જેવા-અને નમણા નાકને બદલે લાંબી લાંબી સૂંઢ. આવા પ્રાણીને જોઈને હાથીને નફરત થાય છે અને તેથી સૂંઢથી તળાવનું પાણી પહેલા ડહોળી નાંખે છે અને પછી પેલું અણગમતું પ્રાણી દેખાવું બંધ થાય ત્યારે પાણી પીએ છે. માણસ એનો સાચો ચહેરો છુપાવવા ચાહે છે. પોતાના સાચા પ્રતિબિંબને એ ડહોળતો રહે છે અને પછી હાથીની માફક લહેરથી પાણી પીએ છે.

આ અહમ્‌ને ઓળખીએ તો જ જીવનના દુઃખો દૂર થાય. જીવનની સારી સમજ આવે. આને માટે આપણે આપણી ભાવ-ક્ષિતિજને વિશાળ બનાવવી પડશે. હૃદયની ઉદારતા વધારવી પડશે. આ અહમ્‌ને દમન કે પીડનથી દૂર કરી શકાય નહિ. એને તો પહેલા ઓળખવો જોઈએ અને પછી અળગો કરવાનો રહ્યો. અહમ્‌ની ગતિ બહારથી અંદર ભણી છે. અહમ્‌નો ત્યાગ કરનારની ગતિ અંદરથી બહારની બાજુ છે. સ્વાર્થ કે લાલસા બહારથી બધુ અંદર લાવે છે. પરમાર્થ કે પ્રેમ અંદરથી બહારની બાજુએ વહે છે. એક નાનકડા બીજમાંથી બહાર નીકળતું વૃક્ષ જમીન પર છવાઈ જાય છે. - **કુમારપાળ દેસાઈ.**

**હું એ માર્ગ જણું છું. એ માર્ગ તલવારની ધાર જેવો તીક્ષ્ણ અને સાંકડો છે. એના પર ચાલતાં હું આનંદ અનુભવું છું. જ્યારે એ માર્ગથી ચલિત થાઉં છું, ત્યારે હું રોઉં છું. ઈશ્વરનું વચન છે - ''જે શુભનિષ્ઠાથી પ્રયત્ન કરે છે, તેનો કદી નાશ થતો નથી.'' મને એ વચનમાં સંપૂર્ણ શ્રધ્ધા છે. તેથી હું મારી નબળાઈને લીધે. ભલે હજારોવાર ચલિત થાઉં પરંતુ હું શ્રધ્ધા ગુમાવીશ નહીં, અને મને આશા છે કે એક દિવસ એવો જરૂર આવશે, જ્યારે મને આ દિશામાં પ્રકાશ લાધશે.- મહાત્મા ગાંધી.**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...શ્રીમદ્ રાજચંદ્ર**

---

**Post Registration No. MNW/277/2015-17**
Registration No. with Registrar of Newspaper
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.

**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ-૪૦૦ ૦૬૪.**
**મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧ થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

To,